UNITE FOR GOOD

Rotary
Surendranagar, District 3060

Team Achievers


Charter NO : 15139 | RI DISTRICT: 3060 | CHARTER DATE: 29/05/1955

YEAR-71

# ઉદગામ

FAB.26









RI PRESIDENT:RTN. FRANSESCO AREZZO
DG: RTN. AMARDEEP BUNET
CLUB PRESIDENT: RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## આઈ ચેકઅપ કેમ્પ

પ્રોજેક્ટ : આઈ ચેકઅપ કેમ્પ
પ્રોજેક્ટ ચેર : કે. એન. પટેલ

તારીખ : ૧૦-૨-૨૦૨૬
સ્થળ : એસ. પી. વિદ્યાલય, હોસ્ટેલ બિલ્ડીંગ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી. યુ. શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવેલ. પરિવર્તન એકેડમી કોળી સમાજ તથા એસ. પી. વિદ્યાલયની વિદ્યાર્થી તથા આ બન્ને શાળાઓમાંથી કુલ ૨૫૦ વિદ્યાર્થીઓએ કેમ્પના ભાગ લીધો હતો.

આઈ ચેકઅપ કેમ્પ નિષ્ણાંત ડોકટરો તથા તેમની ટીમની દેખરેખ નીચે કેમ્પ કરવામાં આવ્યો. દુર-નજીકનાં નંબર ચકાસવામાં આવ્યા. જે બાળકોને ચશ્માનાં નંબર હોવાનું જણાયુ તેમને નંબર વાળા ચશ્મા નિઃશુલ્ક આપવામાં આવ્યા તથા વિદ્યાર્થીઓને આંખોની વિશેષ કાળજી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યુ.

એનિમિયા કેમ્પ અંતર્ગત લોહીની ઉણપ, હિમોગ્લોબિન, કૃમિ કે લોહિ વિકારની તપાસ કરવામાં આવી હતી, કેમ્પ દરમિયાન નિષ્ણાંત ડોકટરો તથા મેડિકલ ટીમ હાજર રહી હતી. દરેક વિદ્યાર્થીઓને આરોગ્ય તપાસ કરી તથા હિમોગ્લોબિન ચકાસ્યુ, જેમને લોહીની ઉણપ જોવા મળી તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ. જેમકે લીલા શાકભાજી, દાળ, અનાજ અને તાજા ફળો નિયમિત રીતે ખાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જરૂર જણાતા આર્યન ટેબ્લેટ તથા ફોલિક એસિડ ટેબ્લેટ આપવામાં આવી. આ કેમ્પનો મુખ્ય હેતુ લોકોમાં એનિમિયા જેવી સમસ્યાની ઓળખ કરી સમયસર સારવાર અને માર્ગદર્શન આપવાનો હતો. રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, રો. કે. એન. પટેલ તથા રો. ઉદય રાવલ હાજર રહયા હતા.











ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Meeting - 21

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. જગદીશ હાલાણી
ફોર વે ટેસ્ટ : રો. નિરજા શાહ
સુવિચાર : રો. હર્ષ મહેતા

ગ્રીટિંગ્સ : રો. દિલિપ શાહ
એટેન્ડન્સ : રો. સેક્રેટરી જીતેશ દફતરી
તારીખ : ૧૧-૨-૨૦૨૬, બુધવાર

એસ. પી. સ્કૂલ વિદ્યાલય તથા પરિવર્તન એકેડમી(કોળી સમાજ) વિદ્યાર્થીઓ માટે આઇ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પનો અહેવાલ રો. કે. એન. પટેલ દ્વારા આપવામાં આવ્યો.

ડિસ્ટ્રીકટ કોન્ફરન્સ (૨૦૨૫-૨૦૨૬)નો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી.

કુપોષણ મુકત ભારત(૨) પ્રોજેકટ કયા અને કેવી રીતે કરવો તેની માહિતી અને મસજુતી રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવી.

સોલાર પેનલ અંધવિદ્યાલય ખાતે ઈન્સ્ટોલ કરવામાં આવ્યો હતો તેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

નવરાત્રી સેલીબ્રેશન મેગા ફંડ રેઝિંગ ઈવેન્ટ તરીકે આયોજન કરવામાં આવ્યુ હતુ તથા આના હિસાબની માહિતી રો. સિદ્ધેશ મહેતા દ્વારા આપવામાં આવી.

## સોલાર પેનલ

પ્રોજેક્ટ : સોલાર પેનલ
ડોનર : ડી. વી. શાહ

તારીખ : ૧૨-૨-૨૦૨૬
સ્થળ : અંધ વિદ્યાલય

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માં અંધ વિદ્યાલય આતે ૫૦૦ લિટરની ક્ષમતા ધરાવતા બે સોલાર વોટર હિટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા.

અંધ વિદ્યાલયના બાળકોને અગાઉ ગરમ પાણીની અછતનો સામનો કરવો પડતો હતો, પરંતુ ઠંડીના દિવસોમાં ખાસ કરીને તેમને મુશ્કેલી અનુભવાતી હતી, પરંતુ હવે સોલાર પેનલ સ્થાપિત કરવામાં આવતા બાળકોને ગરમ પાણી સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યુ છે. સોલાર પેનલ દ્વારા સુર્ય ઉર્જાનો ઉપયોગ કરીને પાણી ગરમ થાય છે, જેના કારણે બાળકોને રોજિંદા ઉપયોગ માટે સમયસર અને પુરતુ ગરમ પાણી મળી રહ્યુ છે. આ સુવિધાથી બાળકોના આરોગ્ય અને સ્વચ્છતામાં પણ સુધારો થયો છે. સોલાર પેનલના કારણે અંધ વિદ્યાલયના બાળકોને મોટી રાહત મળી રહી છે.

અંધ વિદ્યાલયનાં બાળકો આંખોથી જોઈ શકતા નથી તથા સાંભળી પણ શકતા નથી. સોલાર પેનલ દ્વારા મળેલી આ નવી સુવિધાથી તેઓ ખુબ જ આનંદિત થયા છે. ગરમ પાણીની સગવડ મળવાથી તેમની દૈનિક જીવનશૈલી વધુ સરળ અને સખદ બની છે.

અંધ વિદ્યાલયના સંચાલકોએ આ ઉત્તમ કાર્ય માટે હાર્દિક આભાર વ્યકત કર્યો છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









## Meeting - 22

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. રશ્મીન મહેતા
ફોર વે ટેસ્ટ : રો. મરાઠે સાહેબ
સુવિચાર : રો. નથવાણી સર

ગ્રીટિંગ્સ : રો. રૂતા સોની
એટેન્ડન્સ : રો. રૂતા સોની
તારીખ : ૨૫-૨-૨૦૨૬, બુધવાર

આર. વી. કેફે ફેલોશીપનો અહેવાલ રો. દિલિપ શાહ દ્વારા આપવામાં આવેલ.

કોપોષણ મુકત ભારત પ્રોજેકટ ભાગ-૨ ની માહિતી તથા સમજણ ફર્સ્ટ લેડી તોરલ શાહ દ્વારા આપવામાં આવી.

બોર્ડ મીટીંગ નંબર-૪ નો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવેલ.

સર્વાઇકલ કેન્સર અવેરનેસ પ્રોજેકટની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા ઈનરવિલ બન્ને કલબ અંતર્ગત પ્રોજેકટની માહિતી તથા સમજુતી બીના ચૌધરી દ્વારા આપવામાં આવી હતી.

અન્નપુર્ણા પ્રોજેકટની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહદ્વારા આપવામાં આવી.

આઈ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ બલદાણા ખાતે કરવા જઈ રહ્યા છીએ તેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

ફેસ્ટિવલ ધુળેટીના આયોજનની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

ઝીરો અવર્સમાં પ્લાસ્ટિક સર્જરી કેમ્પ કરવા જઈ રહ્યા છીએ તેની વિગતવાર માહિતી રો. ડો. સિદ્ધેશ વોરા દ્વારા આપવામાં આવી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## કુપોષણ મુકત ભારત (ભાગ-૨)

પ્રોજેકટ : કુપોષણ મુકત ભારત (ભાગ-૨)  
ડોનર : રો. પિનલ દેકેવાડિયા

તારીખ : ૨૫-૨-૨૦૨૬  
સ્થળ : રોટરી હોલ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પાંચ આંગણ વાડીમાં ‘‘દેશ રોશન’’ થીમ આધારિત કુપોષણ મુકત ભારત પ્રોજેકટ કરવામાં આવ્યો. આ પ્રોજેકટનો મુખ્ય હેતુ બાળકોનાં પોષણ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા તેમને સ્વસ્થ આહાર અંગે માર્ગદર્શન આપવાનો હતો.

આંગણવાડી ૧-કારીયાણી, ૨-વાઘેલા, ૩-ટુવા, ૪-મોટા મઢાદ, ૫- ગોમટા. આમ આ પાંચ આંગણવાડીમાં પ્રોજેકટ કરવામાં આવેલ છે.

આવી પાંચ આંગણવાડી અંતર્ગત બાળકોને સરગવાની ચોકલેટ સાથે જનરલ નોલેજ અને એજ્યુકેશનલ સામગ્રી આપવામાં અવી. તેમાં ફળ, ફુલ, શાકભાજી, ગણિત આકારોના ચાર્ટ તેમજ રમકડાની કીટનો સમાવેશ હતો.

આ સામગ્રી દ્વારા બાળકોના જ્ઞાન-વિકાસ સાથે પોષણ તથા રમુજભર્યુ શિક્ષણ પ્રોત્સાહિત કરવામાં આવ્યુ, બાળકોને સરગવો ખાવામાં રસ ન હોવાથી પોષણ મળી રહે તે હેતુથી તેમને સરગવાની ચોકલેટ આપવામાં આવી, સરગવો પૌષ્ટિક આહાર હોવાથી આ ચોકલેટ દ્વારા બાળકોને સ્વાદિષ્ટ રીતે જરૂરી પોષણ મળી રહે. આ ચોકલેટ સુરેન્દ્રનગરની મેકસન ઈન્ડસ્ટ્રીમાં નેચરલ રીતે તૈયાર કરવામાં આવે છે. જેના કારણે તે આરોગ્ય માટે લાભદાયી અને સુરક્ષિત છે.










ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



આંગણવાડીના સુપરવાઈઝર ક્રિષ્નાબેન વરમોરા તથા પાંચ આંગણવાડીના કાર્યકરોને તથા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, ફર્સ્ટ લેડી તોરલ શાહ, હેમાલી દફતરી તથા પ્રોજેકટ ચેર પિનલ દેકેવાડિયાની દેખરેખ નીચે રોટરી હોલ પર બોલાવીને કિટ અર્પણ કરવામાં આવી.

આ કિટની પસંદગી તથા સિલેકશન તથા પાંચેય આંગણવાડીની પસંદગી તથા સિલેકશન રો. પિનલ દેકેવાડિયા દ્વારા કરવામાં આવ્યુ હતુ. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરની આ પહેલથી આંગણવાડી કેન્દ્રોમાં બાળકોનાં સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળ્યુ અને સમાજમાં પોષણ અંગે જાગૃતિ ફેલાઈ. પબ્લિક ઈમેજ માટે આ પ્રોજેકટ ખુબ જ સફળ રહયો છે.


દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 27-02-2026
રિપોર્ટર - સેતુભાઇ ગોસ્વામી

**સુરેન્દ્રનગર રોટરી કલબ દ્વારા પોષણ કિટનું વિતરણ કરાયું**

સુરેન્દ્રનગર ભાસ્કર । રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પ્રેસિડેન્ટ હિરેનભાઈ શાહ સેક્રેટરી જીતેશભાઈ દફતરી, પ્રોજેક્ટ ચેર પીનલબેન દેકાવાડીયા સાથે તોરલબેન અને હેમાલીબેન ના સંયોજન થી કારિયાણી, વાઘેલા, ટુવા, મોટા મઢાદ ગોમટા ગામની આંગણવાડીઓમાં પહોંચ્યા હતા.જ્યાં પોષણક્ષમ સરગવાની ચોકલેટ, શૈક્ષણિક રમકડા કીટ, શૈક્ષણિક ચાર્ટ્સની કીટ તેમના સુપરવાઈઝર બેન ક્રિષ્નાબેન વરમોરા અને આંગણવાડી કાર્યકરોને વિતરણ કરાઈ હતી.

## સર્વાઈકલ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ

પ્રોજેકટ : સર્વાઈકલ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ  
પ્રોજેકટ ચેર : રો. પિનલ દેકેવાડિયા

તારીખ : ૨૬-૨-૨૦૨૬  
સ્થળ : શાળા નં-૧૩, હાઉસિંગ સોસાયટી, સુરેન્દ્રનગર.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના દ્વારા સર્વાઈકલ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત હેમલબેન ધારાદેવ દ્વારા સર્વાઈકલ કેન્સર વિશેની માહિતી તેમજ પિરિયડ દ્વારા થતી તકલીફ તથા તે તકલીફમાં શું સાવચેતી જરૂરી છે તેના માટે ખુબ જ સુંદર શબ્દોમાં ૬ થી ૮ ધોરણની વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. પિરિયડ દરમિયાન તથી તકલીફો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પિરિયડ દરમિયાન પેટમાં દુઃખાવો, કમરમાં પીડા, ચીડ-ચીડાપણુ, વધારે બ્લીડિંગ જેવી સમસ્યાઓ કેમ થાય છે અને તેની માટે કઈ રીતે ઘરગથ્થું ઉપચાર કરવો તે સમજાવવામાં આવ્યુ હતુ. ગરમ પાણીની થેલીના ઉપયોગ, યોગ્ય આરામ, પૌષ્ટિક આહાર અને સ્વચ્છતા જાળવવાની મહત્વતા પર ખાસ ભાર મુકાયો હતો.

આ ઉપરાંત ગર્ભાશયના મુખનાં કેન્સર(સર્વાઈકલ કેન્સર) શું છે ? તેના મુખ્ય કારણો શું હોઈ શકે છે? અને તે કેવી રીતે ટાળી શકાય છે ? તેની પણ માહિતી સભર સમજ આપવામાં આવી હતી. HPV વાઈરસ, સ્વચ્છતાનો અભાવ, અપુરતી જાણકારી અને સમયસર ચકાસણી ન કરાવવી. જેવા કારણો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સાથે જ HPV રસીકરણ, નિયમિત તબીબી ચકાસણી (પેપ સ્મિપર ટેસ્ટ) અને વ્યકિતગત સ્વચ્છતા જાળવવાના મહત્વ પર ભાર મુકવામાં

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

આવ્યો હતો. સ્કૂલનાં પ્રિન્સિપાલ સંજ્ઞા આચાર્ય દ્વારા આભાર વ્યકત કરવામાં આવેલ, વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં શંકાનું નિવારણ કર્યુ. સમર્ગ કાર્યક્રમ જાણકારી સભર, પ્રેરણા દાયક અને આરોગ્ય જાગૃતિ વિશે માહિતી મળી.











ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## અન્નપૂર્ણા પ્રોજેક્ટ

પ્રોજેક્ટ : અન્નપૂર્ણા પ્રોજેક્ટ
પ્રોજેક્ટ ચેર : રો. નિતિન પટેલ
ડોનર : રો. અલ્પેશ સોની(શુભમ જ્વેલર્સ)

તારીખ : ૨૭-૨-૨૦૨૬
સ્થળ : સરદાર સોસાયટી, કૃષ્ણનગર.

રો. અલ્પેશ સોનીના પિતાશ્રી ધીરૂભાઇ સોનીના પુણ્યતિથિ નિમિતે અન્નપૂર્ણા પ્રોજેક્ટ કરવામાં આવેલ છે. ડોર ટુ ડોર વિસ્તારના બાળકોને તહેવાર નિમિતે ખજૂર, પિચકારી તથા ધાણી આપવામાં આવી હતી. ૪૦ બાળકોને લાભ મળ્યો હતો. બાળકોમાં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. ખાસ કરીને પાણીની પિચકારી મળતા બાળકો ખુબ ખુશ થયા અને તેમના ચહેરા પર નિર્દોષ સ્મીત છલકાયુ. આ અનોખી પહેલથી બાળકોમાં આનંદ તથા પોષણયુકત ખોરાક સાથે ખુશીની ભેટ આપવાનો હતો.






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555





## મેમોગ્રાફી

પ્રોજેક્ટ : મેમોગ્રાફી
પ્રોજેક્ટ ચેર : બીના ચૌધરી
ડોનર : રો. સાગર શાહ

તારીખ : ૨૮-૨-૨૦૨૬ થી ૧-૩-૨૦૨૬ (બે દિવસ)
સ્થળ : સી. યુ. શાહ મેડિકલ કોલેજ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા ઇનરવીલ કલબ ઓફ સુરેન્દ્રનગર સંયુક્ત ઉપક્રમે મેમોગ્રાફી પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા બીના ચૌધરી તથા જીગ્ના પંડયા દ્વારા દીપ પ્રાગટયથી શરૂઆત કરવામાં આવી હતી. આ કેમ્પ શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ (સી. યુ. શાહ મેડિકલ કોલેજ) ખાતે કરવામાં આવ્યો હતો. આ કેમ્પ રજીસ્ટ્રેશનથી લઈને કેસ કઢાવવાની સમગ્ર કામગીરી સુવ્યવસ્થિત રીતે કરવામાં આવી હતી. આ કેમ્પ દરમિયાન કુલ ૭૭ લાભાર્થી બહેનોએ ભાગ લઈને મેમોગ્રાફી તપાસનો લાભ લીધો હતો. નિષ્ણાંત ડોકટરો તથા મેડિકલ ટીમની હાજરીમાં મહિલાઓને આધુનિક સાધનો દ્વારા મેમોગ્રાફીની તપાસ કરાવવામાં આવી હતી.. સાથે સાથે સ્તન આરોગ્ય અંગે જરૂરી માર્ગદર્શન જાગૃતિ તથા મહત્વપુર્ણ માહિતી પણ આપવામાં આવી હતી. મહિલાઓ સમયસર તપાસ અને યોગ્ય સારવાર માટે પ્રેરિત થાય મેમોગ્રાફી કેમ્પ માટે હાલમાં પણ સતત ઈન્કવાયરી આવી રહી છે જે મહિલાઓમાં આરોગ્ય જાગૃતિ વધી રહી હોવાનું દર્શાવે છે. આગામી મહિનામાં ફરી મેમોગ્રાફી પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવશે. આ કેમ્પ ખાસ ફર્સ્ટ લેડી તોરલ શાહ તથા સેકન્ડ લેડી હેમાલી દફતરી, પ્રોજેક્ટ ચેર બીના ચૌધરી તથા અન્ય લેડીઝ મેમ્બરોનો ખુબ જ સાથ સહકાર મળેલ છે તથા બંને દિવસ દરમિયાન આ કેમ્પનો ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. આ આરોગ્યલક્ષી મેમોગ્રાફી કેમ્પ પબ્લિક ઈમેજ માટ અત્યંત લાભદાયી થયો છે.

CUSTOM TAILORING BY
IDEAL
Readymade
Suits | Jodhpuri
Koti | Shirts
Formal Pants | Jeans
Cottons T-Shirts



Company Authorised Retail dealer
ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555














## કોન્ફરન્સ

ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ(૩૦૬૦) ૨૦૨૫-૨૦૨૬ - સંગ એ મરમર **Date : 30th, 31th Jan, & 1st Feb - 2026** ના રોજ **Jaypee Palace Hotel & Convention Centre, Agra** ખાતે રાખવામાં આવી હતી.

રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, ફર્સ્ટ લેડી તોરલ શાહ, રો. સેક્રેટરી જીતેશ દફતરી, સેકન્ડ લેડી હેમાલી દફતરી એ કોન્ફરન્સમાં ઉત્સાહપુર્વક પાર્ટિસિપેશન કર્યુ હતુ તથા ઉત્સાહપુર્વક કાર્યક્રમમાં ભાગ લઈ કલબનું ગૌરવ વધાર્યુ હતુ.

ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ(૩૦૬૦) માટે કરવામાં આવેલી તૈયારીઓ સુવ્યવસ્થિત અને સુંદર રીતે આયોજનબધ્ધ હતી. એરેન્જમેન્ટ તથા વ્યવસ્થા ખુબ જ પ્રશંસનીય હતી તથા કાર્યક્રમનું સમગ્ર આયોજન સફળતાપુર્વક પુર્ણ થયુ હતુ. સ્પીકરો દ્વારા આપવામાં આવેલ પ્રેરણાદાયક અને માહિતી સભર માર્ગદર્શનથી નવી ઉર્જા તથા નવા વિચારોની પ્રેરણા મળી.

મ્યુઝિકલ નાઈટ દરમિયાન ઓર્કેસ્ટ્રાના સુંદર સંગાથ સાથે પ્રતિભાશાળી ગાયકો અને કલાકારોએ પોતાની મધુર રજુઆતથી સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવી દીધુ હતુ. તેમના સુમેળભર્યા સ્વર અને કલાત્મક રજુઆતથી કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહ છવાઈ ગયો હતો.

આ ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ ત્રણ દિવસ સુધી ખુબ જ ભવ્ય તથા સુવ્યવસ્થિત રીતે યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉતમ એરેન્જમેન્ટ જોવા મળ્યુ હતુ. રહેવા-જમવાની વ્યવસ્થા, કાર્યક્રમોનુ સમયબધ્ધ આયોજન અને સભ્યો માટેની સુવિધાઓ ખુબ જ સરસ રીતે ગોઠવવામાં આવી હતી. કોન્ફરન્સ આનંદદાયક, મઝેદાર અને સાથે સાથે પ્રેરણાદાયક પણ રહી હતી. વિવિધ સ્પીકરોના માર્ગદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી સભ્યોમાં ઉત્સાહનો સંચાર થયો હતો. આ ત્રણ દિવસો દરેક સભ્યો માટે એક યાદગાર અનુભવ બની રહયા. જેમાં સૌએ મિત્રતા, સહકાર તથા સેવાનો સુંદર અનુભવ થયો.







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









## ફેલો શીપ

તારીખ ૧૧-૨-૨૦૨૬ ના રોજ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના એકટીવ મેમ્બર રો. ડો. સિધ્ધેશ વોરા તથા ડો. અમી વોરા **R. V. Cafe** માં ફેલોશીપ આપવામાં આવી હતી.

ઈશ્વર અને વડિલોના આશીર્વાદથી દીકરા યુગમ વોરાને એડમિશન **DNB Medical** માં તથા દિકરી રેનાને **NHL** (અમદાવાદ) **MBBS** માં, ઉપરાંત દીકરા યુગમ અને પલકનાં ગોળધાણાના પ્રસંગે સુંદર મજાની ફેમિલી ફેલોશીપ આપી હતી. ડીનર બાદ રોટરી મિટીંગ રાખવામાં આવી હતી. મિટીંગ બાદ રો. ડો. સિધ્ધેશ વોરા તથા ડો. અમી વોરા દ્વારા કપલ ગેમ રમાડવામાં આવી હતી. આ ફેલોશીપ દરમિયાન તમામ સભ્યોએ ખુબ આનંદ-મોજ અને એન્ટરટેઈનમેન્ટ કર્યુ હતુ. આ પ્રસંગે સૌ વચ્ચે મિત્રતા અને એકતાનું સુંદર વાતાવરણ સર્જાયુ હતુ.



ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555







**Rtn. Sagar Shah and Rtn. Nirja Shah - Major Donor Level 1**

**EREY Club - Rotary Club of Surendranagar**

**100% Giving - Per Capita USD 100 giving Club**

**Rotary Club of Surendranagar : Gold Award for contribution to The Rotary Foundation**

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



CLUBS IN ACTION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

## ROTARY CLUB OF SURENDRANAGAR





Rotary Club of Surendranagar successfully organized a vibrant and joyful cooking competition titled "Rotary Swaad – Swaadi Swaad" at the Rotary Hall, Surendranagar. A total of 33 talented women enthusiastically participated in two different categories, showcasing a delightful variety of traditional as well as innovative dishes and beautifully demonstrating their culinary skills. The esteemed judges, Ms. Krishna Kotecha and Mrs. Hema Mehta, evaluated the dishes fairly based on taste, presentation, and creativity, and First, Second, and Third prizes were awarded in each category. Every participant received a Certificate of Participation along with a special gift as a token of appreciation, and refreshments including snacks and cold drinks were arranged for all. The entire project was efficiently organized and managed by the women members and ladies' spouses of the club, under the dedicated efforts of Project Chair Rtn. Beena Chaudhary, President Rtn. Hirenbhai, and all club members, making the event truly memorable. "Rotary Swaad" was not just a competition but a meaningful platform that encouraged women empowerment, boosted confidence, and brought out hidden talents, once again reflecting the Rotary Club of Surendranagar's strong commitment towards community development and creative social initiatives.





Rotary Club of Surendranagar successfully conducted a Sweater Distribution Programme today at School No. 17, Surendranagar, where 455 students are currently enrolled. Most of these students come from economically underprivileged families.

With the noble objective of supporting children during the winter season, the club distributed high-quality sweaters worth approximately ₹1,10,000. The sweaters were carefully selected to ensure warmth, comfort, durability, and long-term use for the students.

The joy and excitement on the children's faces beautifully reflected the positive impact of this thoughtful initiative.

On this occasion, Club President Mr. Hiren Shah, along with fellow Rotary members, was present and actively participated in the distribution programme.

This meaningful humanitarian initiative once again highlights the Rotary Club of Surendranagar's unwavering commitment to social service, child welfare, and community development.

**રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ જાન્યુઆરી મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરને રસોઈ શો તથા સ્વેટર ડિસ્ટ્રીબ્યુશન જેવા સેવાકીય પ્રોજેક્ટમાં ડિસ્ટ્રીક્ટ GML પ્લેટફોર્મમાં સ્થાન પ્રાપ્ત થયાનો ગૌરવપૂર્ણ અવસર મળ્યો છે જે કલબ માટે ગૌરવપૂર્ણ અને સન્માનની વાત છે.**

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## REWARDS & RECOGNITION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

### TOP 5 CLUBS IN PUBLIC IMAGE AS PER RIZONES4567.ORG - JAN 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 2 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 3 | DONDAICHA SENIORS | Pravin Mahajan | Dr. Anil Dhangar | Pritish Bangad |
| 4 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 4 | SURAT EAST | Kirit Vankadi | Hitesh Vekariya | Sandeep Nanavati |
| 5 | BARODA JAWAHARNAGAR | Mitesh Vadhia | Manish Shah | Dr. Yuvraj Priyadarshi |
| 5 | BHARUCH | Bhavesh Hariyani | Akshar Mehta | Brijesh Parikh |

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ જાન્યુઆરી મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ‘‘પબ્લિક ઇમેજ કેટેગરીમાં ’’ ડિસ્ટ્રીકટ ૩૦૬૦ માં ૧ થી ૫ કલબમાં બીજા ક્રમાંક ઉપર છે.

### TOP 10 CLUBS IN CLUB AND COMMUNITY SERVICE PROJECTS AS PER RIZONES4567.ORG - JAN 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 2 | CHIKHLI RIVERFRONT | Sanjay Patel | Dr.Chirag Desai | Gautam Bhavsar |
| 3 | BHAVNAGAR | Kaushal Sheth | Mahipalsinh Rana | Himanshu Jagani |
| 4 | BHAVNAGAR ROYAL | Dr Shakeel Chauhan | Nirav Doshi | Jatin Bhayani |
| 5 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 6 | DONDAICHA SENIORS | Pravin Mahajan | Dr. Anil Dhangar | Pritish Bangad |
| 7 | BHARUCH | Bhavesh Hariyani | Akshar Mehta | Brijesh Parikh |
| 8 | DHULIA | Vilas Kothawade | Sameer Bahalkar | Sandeep Girase |
| 8 | HALVAD | Gajendra Moradia | Pratik Pathak | Dr. Ashvin Gadhvi |
| 9 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 10 | GANDEVI | Shaileshbhai Vashi | Parul Naik | Dipesh Shah |

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ જાન્યુઆરી મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ‘‘કોમ્યુનિટી સર્વિસ પ્રોજેકટમાં ’’ ડિસ્ટ્રીકટ ૩૦૬૦ માં ૧ થી ૧૦ કલબમાં પાંચમાં ક્રમાંક ઉપર છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



અમારી કલબની RTN ઋતા સોની GML Co-ordinator તરીકે સેવા આપી રહી છે. તેમણે પોતાના "Editor Speaks" માં GML માં કાર્ય કરવાનો અનુભવ ખૂબ જ ગૌરવપુર્ણ અને પ્રેરણાદાયક રહયો હોવાનું વ્યકત કર્યુ છે. જિલ્લા ૩૦૬૦ માં વિવિધ કલબોના સેવા કાર્ય, નેતૃત્વ અને સિદ્ધિઓને એકત્રિત કરી રજુ કરવાની તક તેમને મળી, જે તેમના માટે સન્માનની બાબત છે. ગવર્નર ટીમ, પ્રેસિડન્ટ અને તમામ સભ્યોના સહકારથી આ યાત્રા સફળ બની હોવાનું તેમણે આભાર સાથે જણાવ્યું છે. સહકાર, એકતા અને " Service Above Self" ના મૂલ્યો સાથે આગળ વધવાની તેમની પ્રતિબદ્ધતા સ્પષ્ટ દેખાય છે.

## THE EDITOR SPEAKS

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

Dear Rotary Family,

Warm and heartfelt greetings,

Serving Rotary District 3060 as a Team Achiever for the year 2025–26 is not just a responsibility for me, it is a privilege that fills me with pride and gratitude. As the GML (Governor's Monthly Letter) Coordinator, I have the honor of compiling and presenting the remarkable stories of service, leadership, and impact that define our district each month.

Through this journey, I have witnessed the unwavering dedication of our Governor, leadership teams, and club members who transform ideas into meaningful action. The Governor's Monthly Letter is more than a publication; it is the voice of our district, a chronicle of compassion, and a testament to our shared commitment to "Service Above Self."

As the Coordinator of Cluster 2, I deeply value the opportunity to collaborate with dynamic Presidents and passionate Rotarians across various clubs. Every meeting, every discussion, and every project reflects the strength of fellowship and the power of collective vision. The diversity of ideas and the unity of purpose within our district truly inspire me.

Rotary thrives when we work together, when leadership is guided by integrity, service is driven by compassion, and fellowship strengthens our foundation. District 3060 continues to shine because of our dedication, innovation, and teamwork.

I extend my sincere gratitude to every contributor who shares their achievements and experiences in the GML. Your stories motivate others and reinforce the impact we create together.

I am sincerely grateful for the opportunity to serve in Rotary District 3060. I wholeheartedly thank the Governor Team, Club Presidents, and Members whose support makes this journey meaningful and successful. This work would not be possible without your cooperation.

Let us continue this journey with renewed energy, stronger collaboration, and an unwavering commitment to excellence. Together, we will elevate District 3060 to even greater heights of service and leadership.



**Rtn. Ruta Soni**
**GML Coordinator – Cluster 2**
**Rotary District 3060**

## UPCOMMING પ્રેસિડન્ટ સેક્રેટરી

**UPCOMMING** રો. પ્રેસિડન્ટ હર્ષ મહેતા તથા રો. સેક્રેટરી દિપલ મહેતાને અલકા હાલાણી દ્વારા પિન પહેરાવીને નિમણુક કરવામાં આવ્યા છે. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તેમનો ખુબ ખુબ આભાર વ્યકત કરે છે. આ વર્ષ દરમિયાન સૌ સાથે મળીને કાર્ય કરવાની, નવા પ્રોજેકટસ સફળ બનાવવાના તથા મિત્રતા સાથે આનંદની પળો માણવાની સુંદર તક મળશે. નિશ્ચિતરૂપે આવનારૂ વર્ષ સેવા સાથે સાથે આનંદ અને યાદગાર ક્ષણોથી ભરપુર તથા સહકાર અને નવી પહેલોથી ભરપુર રહેશે તથા સૌ માટે પ્રેરણાદાયક સાબિત થશે તેવી પુર્ણ આશા છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



UP COMMING રો. પ્રેસિડન્ટ : હર્ષ મહેતા



UP COMMING રો. સેક્રેટરી : દીપલ મહેતા

## UP COMMING કોન્ફરન્સ








ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555











REGISTRATIONS

| Ye Dil Mange More — 30th January to 1st February 2026 — Spot full Payment at Agra | Single Registration | Couple Registration | Rotaractors | Interactor/Child between 8 to 18 years |
|---|---|---|---|---|
| | ₹8999 Conference Kit | ₹17998 Special Kit | ₹4999 No Kit | ₹3999 No Kit |

| | Single Registration | Couple Registration | Rotaractors | Interactor/Child between 8 to 18 years |
|---|---|---|---|---|
| Slab-1: 30th Jan to 1st Feb 2026 | ₹10500 | ₹21000 | ₹5500 | ₹4500 |
| Booking Amount | ₹1500 | ₹3000 | ₹1500 | ₹1500 |
| Balance to be paid till 25th March 2026 | ₹9000 | ₹18000 | ₹4000 | ₹3000 |
| Slab-2: 2nd Feb to 30th April 2026 (Last date of Payment 30th Apr 26) | ₹12000 | ₹24000 | ₹6500 | ₹5500 |
| Slab-3: 1st May to 31st August 2026 (Last date of Payment 31st Aug 2026) | ₹13500 | ₹27000 | ₹7000 | ₹6000 |
| Slab-4: 1st Sept. to 31st Dec. 2026 (Last date of Payment 31st Dec 2026) | ₹15000 | ₹30000 | ₹7500 | ₹6500 |
| Slab-5: 1st Jan to 8th Jan 2027 (Last Day of Payment 8th Jan 2027) | ₹16500 | ₹33000 | ₹8000 | ₹7000 |

Bank Details

A/c Name RID3060 Conference 2627
Bank AU Small Finance Bank
A/c no : 2502248877791538
IFSC: AUBL0002488




**UPCOMMING CONFERENCE** રોટરી વર્ષ ૨૦૨૭-૨૮, તા. ૮/૯/૧૦ એમ ત્રણ દિવસ કોન્ફરન્સ સેલવાસ ખાતે રાખવામાં આવી હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




## CAKES AND CANDLES




| | | | | |
|---|---|---|---|---|
| 1 | Feb. | Ann. | Bhaumesh Dinesh Jani | B. D. |
| 1 | Feb. | Ann. | Adhya Jayesh Meniya | B. D. |
| 2 | Feb. | Rtn. | Jayesh Pancholi | B. D. |
| 2 | Feb. | Rtn. | Chirag Shah & Dipti Shah | B. D. |
| 8 | Feb. | Spo. | Dipti Shah | B. D. |
| 9 | Feb. | Ann. | Himani Jayesh Pancholi | B. D. |
| 9 | Feb. | Spo. | Dippal Maheta | B. D. |
| 10 | Feb. | Spo. | Bina Mukesh Chaudhri | B. D. |
| 10 | Feb. | Rtn. | Jagdish Halani & Alka Halani | B. D. |
| 11 | Feb. | Rtn. | Alpesh Soni & Japna Soni | B. D. |
| 12 | Feb. | Rtn. | Hiren Shah | B. D. |
| 12 | Feb. | Rtn. | Nilesh Pancholi & Purna Pancholi | W. D. |
| 13 | Feb. | Rtn. | Hiren Nagar & Hir Nagar | W. D. |
| 15 | Feb. | Rtn. | Uday Raval & Maya Raval | W. D. |
| 15 | Feb. | Rtn. | Chintan Raval & Meghavini Raval | B. D. |
| 18 | Feb. | Rtn. | Siddhesh Maheta & Meghna Maheta | B. D. |
| 19 | Feb. | Ann. | Salvi Vrushabh Shah | B. D. |

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



| | | | | |
|---|---|---|---|---|
| 20 | Jan. | Rtn. | Dr. Mansukh Nathvani & Jyotsna Nathvani | B. D. |
| 21 | Jan. | Ann. | Kinjal Alpesh Soni | W. D. |
| 21 | Jan. | Rtn. | Dipak Gurjar & Anita Gurjar | W. D. |
| 22 | Jan. | Spo. | Chhaya Dinesh Jani | W. D. |
| 23 | Jan. | Rtn. | Jitendra Rathod & Alka Rathod | W. D. |
| 26 | Jan. | Ann. | Puja Jatin Maheta | W. D. |
| 26 | Jan. | Rtn. | Ashok Shah & Lata Shah | W. D. |
| 27 | Jan. | Ann. | Viraj Kunvarjibhai Patel | W. D. |
| 28 | Jan. | Ann. | Harshil Chintan Raval | W. D. |
| 28 | Jan. | Ann. | Pritesh Nitin Patel | W. D. |

UNITE FOR GOOD

Team Achievers

ROTARY INTERNATIONAL




## CLUB CONTACTS

| PRESIDENT | SECRETARY | BULLETIN EDITOR |
|---|---|---|
| Rtn. Hiren Shah | Rtn. Jitesh Daftari | Rtn. Krishna Solanki |
| 90677 89182 | 98252 23552 | 94081 12173 |
| hirenshah6699@gmail.com | daftory@hotmail.com | krishnaomicron@gmail.com |

Publisher : Rotary Club of Surendranagar

MEET ON EVERY WEDNESDAY AT 8.30 PM. ROTARY HALL, NR. N.T.M. HIGH SCHOOL, SURENDRANAGAR-363001